## ડાયરેક્ટ ❤ સે

હા,
એવા લોકો છે દુનિયામાં
જે તમને
હદપારની નફરત કરે છે
પણ એનાથી
ગભરાઈ જવાની
કે ચિંતા કરવાની
જરૂર નથી
કારણ કે દુનિયામાં
એવાય માણસો છે
જે તમને
હદપારનો
પ્રેમ કરે છે !

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૨**
પેડમેન
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
પેડમેન
૧૧.૦૦, ૨.૦૦
૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
પેડમેન
સવારે ૧૦.૦૦
ટાઈગર ઝીંદા હૈ
૧.૦૦
ચાલ મન જીતવા જઈએ (ગુજરાતી)
૪.૦૦, ૭.૧૫
લવની ભવાઈ (ગુજરાતી)
૯.૩૦

### શ્રી જે એમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે

# વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ યોજાયો





અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલય,સેક્ટર-૭ ખાતે વર્ષ દરમિયાન યોજાયેલ વિવિધ પ્રવૃત્તિઓ માટે પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થયેલા વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાનાં આચાર્ય મીનાબેન ચૌધરીએ બાળકોને ઈતર પ્રવૃત્તિઓમાં વધુમાં વધુ ભાગ લેવા માટે પ્રેર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઈજુબેન ચૌધરી, અંજનાબેન ચૌધરી, મણિબેન ચૌધરી અને ભાવનાબેન ચૌધરીએ કર્યું હતું.

# શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ દ્વારા વૃક્ષારોપણ



ગાંધીનગર, તા. ૯

શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત વિવિધ પ્રકારના આયુર્વેદિક છોડનું આરોપણ કરવામાં આવ્યું હતું. કૉલેજના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફમિત્રોએ આ કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

આજના પ્રદૂષિત વાતાવરણ અને ગ્લોબલ વૉર્મિંગ જેવી સમસ્યાથી લડવા આ કાર્યક્રમ દ્વારા સમાજને એક મૅસેજ આપવામાં આવ્યો હતો તેમજ દરેક વૃક્ષનું જતન કરવાના શપથ વિદ્યાર્થીઓ દ્વારા લેવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં અધ્યાપકો દ્વારા પર્યાવરણ અને પ્રદૂષણ જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઈન્સ્ટીટ્યુટના ડિરેક્ટર ધર્મેશ વંડરાએ જણાવ્યું હતું કે ગ્રીન ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા આગામી સમયમાં આ પ્રકારના કાર્યક્રમોનું વિશે, આયોજન કેમ્પસ દ્વારા કરવામાં આવશે.

## વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે ગણિત અને અંગ્રેજી વિષયનું વિશેષ માર્ગદર્શન

ગાંધીનગર, તા. ૯

વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર ગાંધીનગર દ્વારા ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે ગણિત અને અંગ્રેજી વિષયનું વિશેષ માર્ગદર્શન વિષય તજજ્ઞ દ્વારા આપવાની શરૂઆત દિનાંક ૮/૨/૨૦૧૮ થી કરવામાં આવી. વિદ્યાર્થીઓ નો અને વિષય તજજ્ઞ નો સુંદર પ્રતિભાવ સાંપડ્યો હવેથી આ માર્ગદર્શન વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર દેના બેંક સામે સેક્ટર ૨૨ ગાંધીનગર ખાતે દરેક બુધવારે અંગ્રેજી વિષય તજજ્ઞ ડો શ્રી નરેન્દ્ર ભાઈ પટેલ (આધ્યાપક શ્રી ચૌધરી કોલેજ ગાંધીનગર) અને ગુરુવારના રોજ ગણિત વિષય તજજ્ઞ શ્રી કૌશિકભાઈ પટેલ (સુગણિતમ ક્લાસ સેક્ટર ૨૩ ગાંધીનગર) દ્વારા સાંજે ૬ થી ૭.૩૦ દરમ્યાન માં આવશે જેનો લાભ લેવા ગાંધીનગરના વિદ્યાર્થીઓને અનુરોધ કરાયો છે.

# એસ. જી. પ્રાથમિક શાળામાં વિજ્ઞાપન સ્પર્ધાનું આયોજન થયું



એસ.જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓમાં ધોરણ-૧થી૪ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાપન સ્પર્ધાનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં ધોરણ પ્રમાણે વિષય હતા જેવા કે સ્પોર્ટ્સ શૂઝ, જવેલરી, હેર ઓઈલ, એ.સી., એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટ, સિમકાર્ડ, મોબાઈલ, ચોકલેટ ડ્રિંક, ફ્રૂટજામ, કોસ્મેટિક પ્રોડક્ટ, એનર્જી ડ્રિંક, ટુરિઝમ, મીઠું, હેન્ડ વોશ, મેક-અપ. દરેક ધોરણમાંથી એક વિજેતાક્રમ આપવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.



ભારતીય તટરક્ષક દળની ૪૧મી વર્ષગાંઠની પરંપરાગત ઉજવણી ગાંધીનગર તટરક્ષક દળ દ્વારા ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્યપાલ ઓ પી કોહલી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે તટરક્ષકદળ (ઉત્તર-પશ્ચિમ)ના કમાન્ડર ઈન્સ્પેક્ટર જનરલ રાકેશ પાલ ટીએમ સાથે સ્થાપના દિવસની કેક કાપી હતી. સમારોહમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને અન્ય સંસ્થાઓના વરિષ્ટ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મણિબેન એમપી શાહ મહિલા આર્ટ્સ કોલેજમાં યુનિ. વ્યાખ્યાનમાળા યોજાઈ

ગાંધીનગર, તા. ૯

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ બોર્ડ ઓફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ અંતર્ગત શાહ એમ પી એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી દ્વારા એક દિવસીય કોલેજ કક્ષાની યુનિવર્સિટી વ્યાખ્યાનમાળા તાજેતરમાં યોજવામાં આવી હતી. ભારતીય અને સંસ્કૃત ભાષા ભવનના સંસ્કૃતના પ્રોફેસર ડૉ. દિલીપભાઈ સી પટેલે ભાસનાં નાટકોમાં રસનિરૂપણ એ વિષય ઉપર રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમનો આરંભ સંસ્કૃતની વિદ્યાર્થીની દિપીકા તથા મહેલુ રાવલ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. પ્રિન્સિપાલ ડૉ. હિનાબેન પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. પ્રા. ડૉ. વંદનાબેન એસ ઠક્કરે તજ્જ્ઞનો પરિચય આપ્યો હતો તથા આભારવિધિ કરી હતી. ડૉ. સંગીતાબેન સી આચાર્ય દ્વારા રાષ્ટ્રગીતના ગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. વર્ષાબેન સી બ્રહ્મભટ્ટે કર્યું હતું.

# જે. બી. કૃપલાણી વ્યાખ્યાનમાળાનો અમદાવાદમાં આરંભ કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૯

સ્વતંત્રતા સમાનતા અને બંધુત્વની ભેટ જગતને આપનાર ફ્રેંચ ક્રાંતિ અને સંસ્થાનવાદમાંથી પોતાને આઝાદ કરીને લોકશાહી સ્થાપનાર અમેરિકા અને આ બંને ઘટનાઓમાં ઈંગ્લેન્ડની ગતિને ધ્યાનમાં રાખીને પ્રકાશ ન શાહે આચાર્ય જે.બી.કૃપલાણી વ્યાખ્યાનમાળાનું મંડાણ અમદાવાદ ખાતેક ર્યું છે. ''સ્વર્ગમાં બાકી કશી યારો નૌજવાં - છેલ્લા બે સૈકાની વિચારયાત્રા'' નામની આ વ્યાખ્યાનમાળા દસ ભાગમાં છે.

જગતનાં ઈતિહાસમાં પુર્નજાગૃતિનું અનેરુ મહત્વ છે. તેના પછીનાં પ્રબુદ્ધયુગની વાતના મંડાળ કરતા પ્રકાશ ન શાહે તે વખતનો શ્રોતાઓને ચિતાર આપ્યો હતો. તે વખતના સાહિત્ય, કલા અને રાજકીય ઘટનાઓને મૂલવી હતી. અમેરિકન અને ફ્રેચ ક્રાંતિએ લોકશાહી તરફનો રસ્તો જગત સમક્ષ કઈ રીતે ખોલ્યા તે બાબતે તેમણે ઉદાહરણ સહિત સમજાવી હતી. ફ્રાંસનો રાજા લુઈ ૧૪ કે જે પોતાને આઈ એમ ધ સ્ટેટ કહેતા હતો તેના વિશે બોલતા શાહે ચુટકી લેતા કહ્યું કે, ગર્વ સે કહો આઈ એમ ધ સ્ટેટ. ફ્રેંચ ક્રાંતિ પહેલા અમેરિકાની ક્રાંતિ થઈ હતી. તેમણે અમેરિકન ક્રાંતિની વાત કરતા કહ્યું કે, તેઓએ ઈંગ્લેન્ડનાં સંસ્થાનમાંથી સ્વતંત્રતા મેળવી હતી. રૈયતમાંથી નાગરિક બન્યા હતા. પરંતુ નાગરિક સમાનતાની વાત તો છેક અમેરિકાનાં સીવીલ વોરમાં આવે છે. પ્રજાની ખરી કન્સેન્ટના બીજ આ સીવીલ વોરમાં રહેલા છે. અને તે વધુ અગત્યનાં છે. ભારત પણ આઝાદ થઈ ગયું છે પરંતુ હજુ આપણે આ મુકામ હાંસિલ કરવાનો બાકી છે.

અમદાવાદને અમેરિકાનાં સિવીલ વોર અમદાવાદને ફળી હતી તેવો સંદર્ભ આપી શાહે કહ્યું આ જ સમયે શહેરમાં રૂનો રૂપિયો થયો હતો. આ વ્યાખ્યાનમાં શાહે યુરોપનાં વિચારકો અને સાહિત્યકારોનાં પણ ઘણાં ઉદાહરણો આપ્યા. રૂસો, વોલ્તેર, ડીડેરો, મોન્તેસ્ક, થોમસ પેઈન જેવા વિચારકોનું પ્રદાન પણ તેમણે યાદ દેવડાવ્યું. મને સ્વતંત્રતા આપો અથવા મૃત્યુ એમ કહેનાર થોમસ પેઈનને ખાસ યાદ કર્યા. બર્કે ફ્રેંચ ક્રાંતિની કરેલી ટીકાનો જવાબ પેઈને આપ્યો હતો તે પણ યાદ કરાવ્યું. બર્કે ફ્રેંચ ક્રાંતિ પર ઉભા કરેલા પ્રશ્નોને સ્થાપિત હિતની નજીકનાં બતાવ્યા.

ફ્રેંચ અને અમેરિકન ક્રાતિ ધક્કાની સાથે આવી હતી. આ ક્રાંતિ જે વિચારોને લીધે થઈ હતી તેને અમલમાં એટલે કે વહીવટ કે રાજકારણમાં મુકવાની જદોજહેદની પણ તેમણે વાત કરી. બંધારણ ઘડવાની મથામણથી લઈને નાગરિકોની કન્સેન્ટનો ખ્યાલ તેમણે આપ્યો. શાહના મતે હ્યુમન રાઈટ્સનાં બીજ આ ક્રાંતિઓમાં જ પડેલા છે. જે વૈશ્વિક છે.

# હરે કૃષ્ણ મંદિર ખાતે આજે ''એમબ્રોસીઆ ૨૦૧૮''

ગાંધીનગર, તા. ૯


હરે કૃષ્ણ મંદિરમાં કાર્યરત વૈદિક સાયન્સ ક્લબ દ્વારા તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૮ રવિવારના રોજ યુથ સાંસ્કૃતિક કાર્યક્રમ - ''એમબ્રોસીઆ ૨૦૧૮''નુ બહુ ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યુ છે. આ ભાગદોડની જીંદગીમાં યુવાનોમાં કૌશલ્ય નો તાલમેલ જાળવી રાખવા માટે વૈદિક સાયન્સ ક્લબ દ્વારા નિયમિત રીતે વ્યક્તિની પ્રતિભામાં વધારો કરતા કાર્યક્રમો યોજવામાં આવે છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ સ્પર્ધામાં ભાગલેનાર સહભાગીને વૈદિક સિધ્ધાંતોનું પ્રત્યક્ષ નિદર્શન (વ્યવહારુ નિદર્શન) દ્વારા વાસ્તવિક અનુભવ કરવાનો છે જે સિધ્ધાંતો તેઓ આગળનાં સત્રમાં શીખ્યા હોય. નવી પેઢી માટે આ કાર્યક્રમનો અનુભવ સ્પર્ધાઓનું સંમિશ્રણ બની રહેશે જેમાં વૈદિક સાયન્સ ક્લબના સભ્યો સર્જનાત્મકતા કુશળતા દ્વારા વૈદિક સંસ્કૃતિનું સમતોલન સાથોસાથ જાળવશે. વૈદિક સાયન્સ ક્લબનો પ્રાથમિક ઉદેશ યુવાપેઢીને મહત્વની કેળવણી આપવાનો અને તેઓના વ્યક્તિત્વમાં સંસ્કૃતિ અને આચારવૃતિનો આત્મસાત કરવાનો છે. વૈદિક સાયન્સ ક્લબ દ્વારા ભાગવદ્ ગીતા અને શ્રીમદ્ ભાગવત્મ જેવા પૌરાણિક વૈદિક ગ્રંથો આધારિત, વ્યકિતત્વની પ્રતિભામાં વધારો કરતા વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. આ વર્કશોપ જીવનના તમામ સ્તરના વ્યક્તિઓને વધુ સારી રીતે ધ્યાન કેન્દ્રિત થવા, સકારાત્મક મૂલ્યોનું સિંચન કરવા, આંતરવૈયક્તિક




કુશળતાનો વિકાસ, સંચાલન કુશળતામાં વધારો થવો અને વ્યકિતગત વિકાસમાં વધારો કરવા માટે સક્ષમ બનાવે છે. ચુવાવર્ગને આજના આધુનિક યુગમાં એક એવા મંચની જરૂરી છે જયાં તેઓ તેઓના જીવન પ્રત્યેની સમજ કેળવી શકે તથા મૂલ્યોનો વિકાસ સાધી શકે જે તેમને જીવનમાં આવનાર પડકારોનો સામનો કરવામાં મદદરૂપ થાય. આ કાર્યક્રમમાં વૈદિક ક્વીઝ ઉપરાંત વૈદિક ટ્રેઝર હન્ટનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ માટેનો ઉદેશ વિદ્યાર્થીઓને દ્વારા કોલેજની લાક્ષણિક કાર્યક્રમની પ્રવૃતિઓમાં ભાગ ભજવવામાં આવે છે જેના વિષયવસ્તુને વૈદિક સંસ્કુતિ આધારિત રાખવામાં આવ્યા છે. આ પ્રયાસ થકી વિદ્યાર્થી સ્મૃતિ ન રાખી શકનાર વૈદિકીય વ્યક્તિત્વને આ કાર્યક્રમ દ્વારા વધુ સારી રીતે સ્મૃતિ રાખી શકે છે. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડો. અનુપ કે સિંહ, ડાટરેક્ટર જનરલ, નિરમા યુનિવર્સિટી અને અન્ય મહાનુભાવો હાજર રહી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરશે. ભગવદ્-ગીતાના જ્ઞાન આધારીત માનવ જીવનના મૂલ્યો અને આચારવૃતિની સમજ આપતા એક ભવ્ય ડ્રામા પરફોમન્સનું વૈદિક સાયન્સ ક્લબના સભ્યો દ્વારા નિરૂપણ કરવામાં આવશે. આધુનિક યુવા પેઢીને વૈદિક સંસ્કૃતિ તરફ આકર્ષવા કાર્યક્રમની અંતમાં મ્યુઝિકલ બેન્ડ દ્વારા ''હરે કૃષ્ણ રોક'' વગાડવામાં આવશે. આશા છે કે આશરે ૨૫૦૦ કરતા પણ વધુ વિદ્યાર્થીઓ વિવિધ કોલેજો જેમ કે , સિલ્વર ઓક કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ, પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનવર્સિટી, ધીરૂભાઈ અંબાની ઈન્સટીટ્યુટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી વિગેરેમાંથી ભાગ લેશે. એબ્રોસીયા ઉત્સવ વિવિધ કોલેજના વિદ્યાર્થીઓને વૈદિક સાયન્સ ક્લબ વિષે જાણવા અને તેના ભાગ બનવા માટેની તક પૂરી પાડશે જેના ફળસ્વરૂપે તેઓનું જીવન સકારાત્મક રીતે પરિવર્તિત થશે.

### ૧૦ થી ૧૫ ફેબ્રુઆરી-૨૦૧૮ દરમિયાન

# રવિશંકર રાવલ ગેલેરી ખાતે 'નિદર્શ' પ્રદર્શન







ભારતીય સંસ્કૃતિથી બાળકો-યુવાનો માહિતગાર થાય અને 'માયથોલોજી' શબ્દથી દૂર થઈ સ્પીરીચ્યુલીટી-વાસ્તવિકતાથી વાકેફ કરવા માટે રવિશંકર રાવલ ગેલેરી, લૉ ગાર્ડન, અમદાવાદ ખાતે 'નિદર્શ' પ્રદર્શન યોજાશે. શ્રી દર્શન અમરસિંહ ઠાકુર દ્વારા હિન્દુ સંસ્કૃતિનો પરિચય આપતી ધાર્મિક પૌરાણિક કથાઓને લગતા વિવિધ મોર્ડન આર્ટ દ્વારા પેઈન્ટીંગ કરાયા છે. આ 'નિદર્શ' પ્રદર્શન રવિશંકર રાવલ ગેલેરી ખાતે પ્રથમ માળે તા. ૧૦મી ફેબ્રુઆરી થી ૧૫મી ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. જે નિહાળવાનો સમય બપોરના ૨-૦૦ થી સાંજના ૭-૦૦ કબલાક સુધીનો રહેશે. વિદ્યાર્થીઓ, બાળકો અને યુવાનો સહિત નાગરિકો હિન્દુ સંસ્કૃતિની પૈરાણિક કથાઓથી માહિતગાર થાય તે આશયથી તૈયાર કરાયેલા આ મોર્ડન ચિત્રોમાં કૃષ્ણ, રામ, વિષ્ણુ ભગવાન જેવા દેવ-દેવીઓના ફોટોગ્રાફ્સ સુમદ્રમંથન, રામાયણ, મહાભારતના પ્રસંગો તૈયાર કરી નિદર્શન માટે મૂકાયા છે. જેમાં પ્રત્યેક ફોટોગ્રાફ્સની સાથે નેની સવિસ્તૃત માહિતી પણ પૂરી પાડવમાં આવી છે, જે અત્યંત માર્ગદર્શક બની રહેશે.

આ પ્રદર્શનમાં ૩૫ થી વધુ ચિત્રો શ્રી દર્શન ઠાકુર દ્વારા જાતે તૈયાર કરીને પ્રદર્શિત કરાયા છે. જે લોકો આ ચિત્રો ખરીદવા ઈચ્છતા હશે તો પ્રદર્શન પૂર્ણ થયા બાદ તેઓ ખરીદી પણ શકશે. તો આ બેનમૂન પ્રદર્શનનો નાગરિકો બહુધા પ્રમાણમાં લાભ લેવા આમંત્રણ છે.